આંક–૨૦
દાખલ તારીખ–૧૧/૦૨/૨૦૨૫
રજી.લીધા તા–૧૧/૦૨/૨૦૨૫
નિકાલ તારીખ–૧૮/૦૩/૨૦૨૬
સમયગાળો –વર્ષ–માસ–દિવસ
૦૧ ૦૧ ૦૭

**ભચાઉના મહે.અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટસાહેબની કોર્ટમાં,મું.ભચાઉ–કચ્છ.**

.........................................................................................

**ફોજદારી કેસ નં.૧૭૨/૨૦૨૫**

**શ્રી સરકાર.** **:::::::::::::::::::: ફરીયાદી**

**-: વિરુધ્ધ:-**

**(૧) ભરતભાઇ વાલાભાઇ કોલી**
ઉ.વ.૨૫,વ્યવસાય–મજુરી
રહે.જુનાવાડા વિસ્તાર,ભચાઉ–કચ્છ.
**(૨) પ્રભુભાઇ રાસંગભાઇ કોલી**
ઉ.વ.૨૫,વ્યવસાય–મજુરી
રહે.જુનાવાડા વિસ્તાર,ભચાઉ–કચ્છ.
**(૩) હરેશભાઇ રામાભાઇ કોલી**
ઉ.વ.૨૪,વ્યવસાય–ખેતી
રહે.ખરવાસ ભરૂડીયા,તા.ભચાઉ–કચ્છ. **:::::::::::::::::::: આરોપીઓ**

**ગુન્હો:**–બી.એન.એસની કલમ–૭૪,૩૫૨,૩૫૧(૨),૫૪
તથા જી.પી.એકટની કલમ–૧૩૫

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી **બી.એસ.વિઠ્લાણી**
આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી **બી.એમ.દાફડા**

**–:: જજમેન્ટ :–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૩:૦૦ વાગ્યાના સુમારે કચ્છ ભુજ જીલ્લાના ભચાઉ તાલુકાના કકરવા ગામે આ કામના આરોપી નં.૧ વાળાએ ફરીયાદીની આબરૂ લેવાના ઈરાદે તેની ભેઠમાંથી છરી કાઢી ફરીયાદીને છાતીમાંથી બ્લાઉઝથી પકડી બાઇક ઉપર બેસાડવાની કોશીષ કરતા સાહેદ રાજેશ વચ્ચે પડતા મા–બેન સમી ગાળો બોલી, જાનથી મારી

નાખવાની ધમકી આપી, ગુનો કરવામા એકબીજાને મદદગારી કરી, મહે.ડી.એમ.સાહેબ કચ્છ–ભુજના જાહેરનામાનો ભંગ કરી, ઉપરોકત વિગતેનો ગુન્હો કરેલ. જે મતલબની ફરીયાદીએ પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ભચાઉ પોલીસ સ્ટે.ગુ.ર. નં.૧૧૯૯૩૦૦૪૨૪૦૬૦૮/૨૦૨૪ થી ગુનો નોંધીને ત.ક.અ.ધ્વારા તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૭૪,૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરવામા આવતા જેને હાલનો ફોજદારી કેસ નં.૧૭૨/૨૦૨૫ આપવામા આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ કોર્ટમાં હાજર થતા, આરોપીઓને બી.એન.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલી છે. આરોપીઓ સામેના ગુન્હા સંબંધે આંક–૩ થી તહોમતનામું ફરમાવી, આંક–૪ થી ૬ અન્વયે પ્રાથમિક નિવેદન રેકર્ડ કરવામા આવેલ છે જેમાં આરોપીઓએ આક્ષેપવાળા ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામા આવેલ.

(૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **ક્રમ** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી–દિવ્યાબેન રાજેશભાઇ કોલીની જુબાની | ૧૨ |
| ૨. | ફરીયાદની ખરીનકલ | ૧૩ |
| ૩. | સાહેદ–રાજેશભાઇ કરશનભાઇ કોલીની જુબાની | ૧૪ |
| ૪. | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૫. | અટક પંચનામું | ૧૬ |
| ૬. | મહે.જીલ્લા મેજી.ના જાહેરનામાની ખરીનકલ | ૧૭ |

આ સીવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ વિશેષ પુરાવો રજુ કરેલ નથી અને ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા અંગેનું કલોજીંગ પુરશીશ આંક–૧૯ થી રજુ કરેલ છે.

(૪) સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ કેસની હકીકત અને રેકર્ડ પર રજુ પુરાવો જોતા આરોપીઓ વિરુધ્ધ આધારભુત પુરાવો આવેલ ન હોય, આરોપીનું બી.એન.એસ.ની કલમ–૩૫૧ મુજબનું નિવેદન લેવામા આવેલ નથી. ત્યારબાદ સદર કેસ દલીલ પર રાખવામા આવેલ. આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષે વિ.વકીલશ્રીની દલીલ સાંભળિ.

(૫) ફરીયાદપક્ષના કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૩:૦૦ વાગ્યાના સુમારે કચ્છ ભુજ જીલ્લાના ભચાઉ તાલુકાના કકરવા ગામે આ કામના આરોપી નં.૧ વાળાએ ફરીયાદીની આબરૂ લેવાના ઈરાદે તેની ભેઠમાંથી છરી કાઢી ફરીયાદીને છાતીમાંથી બ્લાઉઝથી પકડી બાઈક ઉપર બેસાડવાની કોશીષ કરતા સાહેદ રાજેશ વચ્ચે પડતા મા–બેન સમી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામા એકબીજાને મદદગારી કરી, મહે.ડી.એમ.સાહેબ કચ્છ–ભુજના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ બી.એન.એસ.ની કલમ– ૭૪,૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓ પરતવે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

**–:: કારણો::–**

(૮) **મુદ્દા નં.૧ અને ૨:–** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને

ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુન્હામાં આરોપીઓ વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબીત કરવા અંગેનો પુરાવાનો બોજ ફરીયાદપક્ષ પર રહેલો છે.

(૯) ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરવામા આવે તો આ કામે ફરીયાદપક્ષે આંક–૧૨ થી ફરીયાદી દિવ્યાબેન રાજેશભાઇ કોલીને સોગંદ પર તપાસવામા આવેલા છે જેઓએ સોગંદ પરની જુબાનીમા પુરાવો આપી જણાવેલ છે કે, તેણીના લગ્ન રાજેશભાઇ સાથે ૨૦૨૪ માં સમાજના રીતરીવાજ મુજબ થયેલા. આજથી આશરે એકાદ વરસ પહેલા તેણી તથા તેણીના પતિ રાજેશ મોટરસાઇકલ લઇને તેણીના નાનીમાં રાજીબેનને મળવા જતા હતા તે સમયે આ કામના આરોપીઓ સાથે રોડ પર મોટરસાઇકલ ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી હતી. આરોપીઓએ તેણીને ગાળો આપેલ હોય કે તેણીની આબરૂ લેવાની ધમકી આપેલી હોય તેવું બનેલ નથી. આવેશ અને ઉશ્કેરાટમાં આવી તેણીએ આ બનાવની ફરીયાદ આપેલી. તેણીને ફરીયાદની ખરીનકલ બતાવવામા આવે છે તે જોઇને જણાવે છે કે તેમાં તેણીના અંગુઠાનું નિશાન છે જે ઓળખી બતાવે છે જે આંક–૧૩ થી રજુ છે. આરોપીઓને જોયે ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર છે.

આમ, આ કામના ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોઇ, ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદીને હોસ્ટાઇલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસની પરવાનગી માંગતા તેની પરવાનગી અદાલત તરફથી આપવામા આવતા અને ઉલટતપાસ થતા પણ ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદરહુ ફરીયાદીની બચાવપક્ષ ધ્વારા કરાયેલ ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે,બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાંઇ બનેલ નહી, તેણીને કોઇએ ગાળો બોલેલી નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી, ઉશ્કેરાટમાં તથા લાગણીમાં આવીને તેણીએ બનાવની ફરીયાદ આપેલી. આ સીવાય અન્ય કોઇ હકીકત જણાવેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી ફરીયાદીના પતિ એવા સાહેદ રાજેશભાઇ કરશનભાઇ કોલીને સોગંદ પર તપાસવામા આવલા છે જેઓએ જણાવેલ છે

કે, આજથી આશરે એકાદ વરસ પહેલા તેઓ તથા તેઓની પત્ની દિવ્યાબેન મોટરસાઇકલ લઇને તેઓના નાનીમાં રાજીબેનને મળવા જતા હતા તે સમયે આ કામના આરોપીઓ સાથે રોડ પર મોટરસાઇકલ ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી હતી. આરોપીઓએ તેઓને ગાળો આપેલ હોય કે તેણીની પત્નીની આબરૂ લેવાની ધમકી આપેલી હોય તેવું બનેલ નથી. આવેશ અને ઉશ્કેરાટમાં આવી તેઓની પત્નીએ આ બનાવની ફરીયાદ આપેલી. પોલીસે તેઓનું નિવેદન લીધેલુ. આરોપીઓને જોચે ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર છે.

આમ, આ કામના સાહેદ પોતાના પોલીસ રુબરુના નિવેદન અને ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોઇ, ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસની પરવાનગી માંગતા તેની પરવાનગી અદાલત તરફથી આપવામા આવતા અને ઉલટતપાસ થતા પણ ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદરહુ સાહેદની બચાવપક્ષ ધ્વારા કરાયેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાંઇ બનેલ નહી, તેઓને કોઇએ ગાળો બોલેલી નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી, ઉશ્કેરાટમાં તથા લાગણીમાં આવીને તેઓની પત્નીએ બનાવની ફરીયાદ આપેલી. આ સીવાય અન્ય કોઇ હકીકત જણાવેલ નથી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે આંક-૧૫થી સ્થાનિક જગ્યાના પંચનામાની ખરીનકલ, આંક-૧૬ થી અટક પંચનામાની ખરીનકલ, આંક-૧૭ થી મહે.જીલ્લા મેજી.ના જાહેરનામાની ખરીનકલ રજુ રાખેલ છે જે દસ્તાવેજોને આરોપીપક્ષે આંકે પડે તેમાં વાંધો નથી તેવા શેરાથી આંકે પડેલ છે પરંતુ તેમાની હકીકત સંબંધે ફરીયાદપક્ષ તરફથી કોઇ સમર્થનકારી પુરાવો રજુ કરવામા આવેલ નથી. વધુમાં બી.એન.એસ.એસ.ની કલમ-૩૩૦ ની જોગવાઇ જોતા જયારે કોઇ દસ્તાવેજની સ્વીકૃતી વિશે વાંધો ઉઠાવવામા ન આવે તો તે પુરવાર થયેલો ગણાશે. આ કામે રજુ દસ્તાવેજોથી બનાવ બનેલ હોવાની હકીકત પુરવાર થાય છે,પરંતુ તેનાથી એવું પુરવાર થતું નથી કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ ફરીયાદમાં આક્ષેપીત ગુનો આચરેલ છે જેથી દસ્તાવેજોની કબુલાતથી આરોપીને ગુનાના કામે કસુરવાર ઠરાવી શકાય નહી.

(૧૨) આમ, રેકર્ડ પરનો સમગ્ર પુરાવો ધ્યાન લઈ પુરાવાકીય મુલ્યાંકન કરવામા આવે તો આ કામે આંક–૧૨ થી ભોગબનનાર ફરીયાદી દિવ્યાબેન રાજેશભાઇ કોલીને સોગંદ પર તપાસવામા આવેલ છે અને તેણીની જુબાનીમાં આંક–૧૩ થી ફરીયાદની ખરીનકલ રજુ થયેલ છે તેમજ સદરહુ ફરીયાદીએ તેણીની જુબાનીમાં સરતપાસ હકીકતમાં આરોપીઓએ તેણીને ગાળો આપેલ હોય કે તેણીની આબરૂ લેવાની ધમકી આપેલી હોય તેવું બનેલ નથી તેમ જણાવી જાય છે.આમ, સદરહુ ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકત જણાવેલ નથી અને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ ફરીયાદને સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ નથી તેમજ સદરહુ ફરીયાદી તેણીની જુબાનીમાં બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે,બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાંઇ બનેલ નહી, તેણીને કોઇએ ગાળો બોલેલી નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી, ઉશ્કેરાટમાં તથા લાગણીમાં આવીને તેણીએ બનાવની ફરીયાદ આપેલી. આમ, ફરીયાદીની સમગ્ર જુબાની વંચાણે લેતા ફરીયાદપક્ષને આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામા કોઇ રીતે મદદરૂપ થતો નથી જેથી ફરીયાદીની જુબાનીથી આરોપીઓ વિરુધ્ધની અને આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુન્હા સાથે સાંકળિ શકાય તેવી હકીકત રજુ થતી નથી. તે સીવાય આ કામે આંક–૧૪ થી સાહેદ રાજેશભાઇ કરશનભાઇ કોલીને સોગંદ પર તપાસવામા આવેલા છે જેઓએ પણ ફરીયાદીની જેમ જ તેઓની સરતપાસમાં જ આરોપીઓએ તેઓને ગાળો આપેલ હોય કે તેણીની પત્નીની આબરૂ લેવાની ધમકી આપેલી હોય તેવું બનેલ નથી તેમ જણાવેલ છે અને સદરહુ સાહેદને પણ ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ ફરીયાદને સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ નથી તેમજ સદરહુ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે એ વાત ખરી છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કાંઇ બનેલ નહી, તેઓને કોઇએ ગાળો બોલેલી નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી, ઉશ્કેરાટમાં તથા લાગણીમાં આવીને તેઓની પત્નીએ બનાવની ફરીયાદ આપેલી.આમ, સદરહુ સાહેદની જુબાનીમાં આરોપીઓ વિરુધ્ધની અને આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુનાઓ સાથે સાંકળી શકાય તેવી કડીબધ્ધ હકીકત રજુ થતી નથી. આ કામે ફરીયાદપક્ષે આંક–૧૫થી સ્થાનિક જગ્યાના

પંચનામાની ખરીનકલ, આંક–૧૬ થી અટક પંચનામાની ખરીનકલ, આંક–૧૭ થી મહે.જીલ્લા મેજી.ના જાહેરનામાની ખરીનકલ રજુ રાખેલ છે જે દસ્તાવેજોને આરોપીપક્ષે આંકે પડે તેમાં વાંધો નથી તેવા શેરાથી આંકે પડેલ છે પરંતુ તેમાની હકીકત સંબંધે ફરીયાદપક્ષ તરફથી કોઇ સમર્થનકારી પુરાવો રજુ કરવામા આવેલ નથી. વધુમાં બી.એન.એસ.એસ.ની કલમ–૩૩૦ ની જોગવાઇ જોતા જયારે કોઇ દસ્તાવેજની સ્વીકૃતી વિશે વાંધો ઉઠાવવામા ન આવે તો તે પુરવાર થયેલો ગણાશે પરંતુ જયારે આ કામના ફરીયાદી અને સાહેદએ આ સંબંધે લેશમાત્ર હકીકત સોગંદ પરની જુબાનીમાં જણાવેલ નથી ત્યારે માત્ર દસ્તાવેજોને પુરાવામાં ગ્રાહય રાખી આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહી. સદર કામે સ્થાનિક જગ્યાના પંચનામાની હકીકતોથી સ્થાનિક જગ્યાએ પંચનામું થયેલાની તેમજ અટક પંચનામાથી આરોપીઓની અટક કરેલાની તથા જાહેરનામાથી જાહેરનામું અમલમાં હોવાની હકીકત પુરવાર થાય છે,પરંતુ તેનાથી એવું પુરવાર થતુ નથી કે,બનાવ તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપી નં.૧ વાળાએ ફરીયાદીની આબરૂ લેવાના ઈરાદે તેની ભેઠમાંથી છરી કાઢી ફરીયાદીને છાતીમાંથી બ્લાઉઝથી પકડી બાઇક ઉપર બેસાડવાની કોશીષ કરતા સાહેદ રાજેશ વચ્ચે પડતા મા–બેન સમી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામા એકબીજાને મદદગારી કરી, મહે.ડી.એમ.સાહેબ કચ્છ–ભુજના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવામાં આરોપીઓને આક્ષેપીત ગુન્હા સાથે સાંકળિ શકાય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષ રજુ કરવામા નિષ્ફળ નિવડેલ છે જેથી ફરીયાદપક્ષ હાલના આરોપીઓ વિરુધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોવાનું ઠરાવીને ઉપરોકત કરેલ ચર્ચાને અંતે મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે નકારમાં ઠરાવીને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **(૧) ભરતભાઇ વાલાભાઇ કોલી** ઉ.વ.ર૫,વ્યવસાય–મજુરી,રહે.જુનાવાડા વિસ્તાર,ભચાઉ–કચ્છ.**(ર) પ્રભુભાઇ રાસંગભાઇ કોલી,**ઉ.વ.ર૫,વ્યવસાય–મજુરી,રહે.જુનાવાડા વિસ્તાર,ભચાઉ–કચ્છ. **(૩) હરેશભાઇ રામાભાઇ કોલી,**ઉ.વ.ર૪,વ્યવસાય–ખેતી,રહે.ખરવાસ ભરૂડીયા,

તા.ભચાઉ–કચ્છવાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ– ૭૪,૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**(૨)** આરોપીઓએ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબ આ હુકમ સામે અપીલ થવાના સંજોગોમાં અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારૂ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

**(૩)** આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ હથીયારનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૮મી,માહે–માર્ચ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સહી/–**

મું.ભચાઉ–કચ્છ. **(વિશાલકુમાર યોગેશકુમાર ત્રીવેદી)**

તા.૧૮/૦૩/૨૦૨૬ **એડી.ચીફ.જયુડી.મેજી.ભચાઉ–કચ્છ.**

**કોડ નં. જી.જે.૦૧૨૮૭**